બીજાના ભાગ્ય પર
જીવન-નિર્વાહ
કરનારા સદાય
દુ:ખી થાય છે
- વિદુરજી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૫૩ | ૩ મે ૨૦૧૨, ગુરૂવાર, વૈશાખ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# જિલ્લામાં ખેડૂતોની આવકમાં રૂ. ૩૦૦ કરોડનો વધારો

## કૃષિ ઉત્પાદકો ખર્ચના પ્રમાણમાં આવક ઓછી થઈ હોવાનું તેમજ પાણીપત્રકો સમયસર નહિ મળતા હોવાનું જણાવે છે : જિલ્લામાં ૨૦૧૧-૧૨ દરમિયાન કૃષિ-પશુપાલન ક્ષેત્રે રૂ. ૧૩૪૨.૪૦ કરોડની આવકના અંદાજ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૧-૧૨માં કૃષિ અને પશુપાલન ક્ષેત્રે રૂ. ૧૩૪૨.૪૦ કરોડની આવક થઈ છે જે ૨૦૧૦-૧૧ના વર્ષની તુલનામાં રૂ. ૩૧૨ કરોડનો વધારો થયો છે. ૨૦૧૦-૧૧ના વર્ષમાં કૃષિ અને પશુપાલનની આવક ૧૦૩૦.૩૩ કરોડ થઈ હતી.

જિલ્લામાં કૃષિ ઉત્પાદનમાં ગત વર્ષની તુલનામાં ૫ ટકાનો વધારો થયો છે જયારે દૂધ ઉત્પાદનમાં પ્રતિ વર્ષ ૨.૫ ટકા જેટલો સરેરાશ વધારો નોંધાતો જોવા મળી રહ્યો છે.

વર્ષ ૨૦૧૧-૧૨માં વરસાદની અનિયમિતતા ને પગલે ઘાસચારાનું વાવેતર સારૂ એવું થયું હતું અને તેના ભાવ પણ સારા મળતાં ખેડૂતોની આવકમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે.

જિલ્લા ખેતીવાડી તંત્ર દ્વારા ખેડૂતોની આવકમાં થઈ રહેલા વધારાનો યશ કૃષિ મહોત્સવની સફળ ઉજવણીને આપી રહેલ છે. જો કે જિલ્લાના ખેડૂત આગેવાનો રૂપિયાના અવમૂલ્યન અને મોંઘવારીને કારણે ખર્ચમાં થયેલા વધારાને જવાબદાર ગણાવી રહ્યા છે.

ખેડૂત આગેવાનોના કહેવા પ્રમાણે ૨૦૦૯-૧૦માં ઉત્પાદન ખર્ચ રૂ. ૩૭૪.૮૮ કરોડ જિલ્લામાં થયો હતો. જેની સામે વર્ષ ૨૦૧૧-૧૨માં આ ખર્ચ રૂ. ૬૯૪.૪૭ કરોડ જેટલો થવા પામ્યો છે. આમ ઉત્પાદન ખર્ચમાં સતત વધારો થતાં ખેડૂતોને જે ફાયદો ખરેખર થવો જોઈએ તે નહિ થયાનું તેઓ માની રહ્યા છે.

મળતી વિગતોપ્રમાણે ૨૦૦૮-૦૯માં કૃષિ ઉત્પાદનની આવક ૪૨૩.૫૮ કરોડ હતી. જે ૨૦૦૯-૧૦માં વધીને ૫૩૧.૬૫ કરોડ થઈ હતી. ૨૦૧૦-૧૧માં આ આવક ૫૮૫ કરોડ સુધી પહોંચી હતી જયારે ૨૦૧૧-૧૨માંઆવક રૂ. ૮૫૨.૫૫ કરોડ જેટલી થવા જાય છે.

આમ રાજયમાં લાગ લગાટ સારા ચોમાસા પછી પણ ખેડૂતોની આવકમાં જે વૃધ્ધિ થવી જોઈએ તે થઈ નહિ હોવાનું ખેડૂત આગેવાનો માની રહ્યા છે. જિલ્લામાં કૃષિ

● અનુસંધાન પાન-૭ પર

# ગુડાના જનસુવિધાઓનાં કામોનું આજે મુખ્યમંત્રી લોકાર્પણ કરશે

## ટાઉનહોલ ખાતે આજે લોકાર્પણ વિધિનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગુડા વિસ્તારને સુવિધાસભર બનાવવા આજે સવા સો કરોડથી વધુ રકમના કામોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્તવિધિ યોજવામાં આવશે. સે. ૧૭ ટાઉનહોલ ખાતે સવારે ૯ કલાકે યોજાનારા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે માળખાગત સુવિધાના કામોનું લોકાર્પણ કરવામાં આવસે.

ગુડા વિસ્તારમાં દોઢ દાયકાથી વધુ સમયના અંતે માળખાકીય સુવિધા ઉપરાંત અનેકવિધ વિકાસકામોનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગુડાના ટી.વી. વિસ્તારમાં પાણી-ગટર જેવી પાયાની સુવિધાઓ ઉભી કરવા ઉપરાંત ગ્રીનસીટીના કન્સેપ્ટને વેગ આપવા ઉદ્યાનોનો વિકાસ કરવા પણ કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. વધુમાં ન્યૂ ગાંધીનગરને વધુ રળિયામણું બનાવવા તળાવ વિકાસને અનુલક્ષી પણ જરૂરી આયોજન કરવામાં આવ્યું છે. શહેરી વિકાસ સત્તા મંડળ અસ્તિત્વમાં આવ્યા બાદ દોઢ દાયકાથી વધુ સમય વિત્યા બાદ ગુડા વિસ્તારના સર્વાંગી વિકાસને અનુલક્ષી નવતર કામો હાથ ધરવામાં આવ્યા છે. ગત માર્ચ મહિનામાં ગુડાના સ્થાપના દિન નિમિત્તે નિયત કામોનું લોકાર્પણ કરવાનું આયોજન કરાયું હતું. જયારે આ કાર્યક્રમ વિલંબમાં પડતા તા. ૩ મે ના રોજ સે. ૧૭ ટાઉનહોલ ખાતે સવારે ૯ કલાકે વિવિધ કામોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્તવિધિ યોજવામાં આવનાર છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ગુડા વિસ્તારના માળખાગત સુવિધાના કામોનું લોકાર્પણ કરાશે. આ તબક્કે શહેરી વિકાસમંત્રી નીતિન પટેલ, પ્રભારી મંત્રી જયસિંહ ચૌહાણ, ગુડાના અધ્યક્ષ અશોક ભાવસાર સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે.



તસવીર : દિપક જાની

વેકેશનની મોજ-મસ્તી - શાળાઓમાં વેકેશન પડ્યું એટલે બાળકોને મજા જ મજા.... ગાંધીનગરની સ્વૈચ્છિક અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વિવિધ કલા પ્રવૃત્તિઓની તાલીમ શિબિરોનું આયોજન કરવામાં આવે છે.... બાળકો ઈત્તર પ્રવૃત્તિઓમાં રસ લઈ કલાશક્તિ અને રમતગમતમાં વિકાસ કરે એવું દરેક વાલીઓ ઈચ્છતા હોય છે.... સમયનો સદઉપયોગ અને બાળકોનો સર્વાંગી વિકાસ આવી કલા પ્રવૃત્તિ થકી થાય છે તે બિરદાવવા લાયક છે



તસવીર : દિપક જાની

**સ્વાસ્થ્યપ્રદ પીણું** - ઉનાળો આવ્યો... શરીર પાણી માગે... આકરો તાપ પડે છે, તરસ છીપાવવા નગરજનો ઠંડાપીણા અને આઈસ્ક્રીમની મોજ માણે છે.... પરંતુ ઠંડા પીણાની ગરજ સારે અને શરીરના સ્વાસ્થ્યને આરોગ્ય બક્ષે એવું પણ એક પીણું પણ બજારમાં મળતું હોય છે... નગરજનોએ આ પીણાની અજમાઈશ કરવા જેવી છે...

# રાજ્યમાં ૧૪મી જૂનથી ત્રિદિવસીય શાળાપ્રવેશોત્સવ

## છેલ્લા દાયકામાં ૧ લાખથી વધુ વર્ગખંડોનું નિર્માણ કરાયું : શિક્ષણમંત્રી રમણલાલ વોરા

ગાંધીનગર, તા. ૨

આગામી તા. ૧૪ થી ૧૬ જૂન દરમ્યાન રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીયાત્રા યોજવામાં આવશે. આ માટેનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેમ રાજ્યના શિક્ષણમંત્રી શ્રી રમણભાઈ વોરાએ જણાવ્યું હતું.

આજે મહાત્મા મંદિર ખાતે યોજાયેલ સમરસ પંચાયત સંમેલનમાં બોલતાં તેમણે જણાવ્યું હતું કે શિક્ષણ વિકાસ માટે સરકારે અનેકવિધ પગલાં લીધા છે. છેલ્લા દસ વર્ષમાંએક લાખથી પણ વધુ વર્ગખંડોનું નિર્માણ કાર્ય કરવામાં આવ્યું છે.

શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ત્રિદિવસીય પ્રવેશોત્સવ દરમ્યાન આ વખતે શાળાની ભૌતિક સુવિધાઓ સહિત ઘણી બધી બાબતો પર ભાર મુકવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે કન્યા કેળવણી બેન્ક ઉભી કરવાના સરકારના પ્રયાસો સફળ રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે શિક્ષણમાં ગુણાત્મક પરિવર્તન લાવવા માટે ગુણોત્સવનું આયોજન કર્યું છે અને તેનો સારા પરિણામો મળ્યા છે. તેમણે સરકારે વિદ્યાર્થીઓ માટે અમલમાં મુકેલ વિદ્યાદીપ સુરક્ષા યોજના તેમજ વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજનાની પણ વિગતો આપી હતી.

# મનપાની લેન્ડફિલ્ડ સાઈટમાં ગુડાને હિસ્સો આપવા સામે રોષ

## લેન્ડફિલ્ડ સાઈટના ડેવલપમેન્ટમાં ગુડા કેટલો હિસ્સો આપશે તેની સ્પષ્ટતા કરો : પ્રવિણ પટેલ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગરપાલિકાની લેન્ડફિલ્ડ સાઈટમાં ગુડાનો સમાવેશ કરવાના મુદ્દે સ્થાયી સમિતિના ચેરમેન શ્રી પ્રવિણ પટેલે આક્રોશ વ્યક્ત કરી જણાવ્યું છે કે આ લેન્ડ ફિલ્ડ સાઈડના ડેવલપમેન્ટમાં ગુડા કેટલો હિસ્સો આપશે તે વાત સ્પષ્ટ કહેવી જોઈએ.

શ્રી પટેલે જણાવ્યું છે કે ગાંધીનગર મહાનગરપાલિકાએ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અંગે આખો પ્રોજેક્ટ તૈયાર કરી સરકારમાં રજુ કર્યો હતો. લેન્ડફિલ્ડ માટે પાંચ વર્ષ જુની માંગણી અંગે સરકારે મૌન સેવ્યુ હતુ અને હવે એકાએક ગુડાને પણ આ લેન્ડફિલ્ડ સાઈટમાં જોડવાનો નિર્ણય કયા સંજોગોમાં લીધો તેની વાતો પણ સ્પષ્ટ કરવી જોઈએ.

તેમણે જણાવ્યુ હતુ કે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અંગેનો જે પ્રોજેક્ટ રજુ કર્યો હતો તેમાં ત્રણ-ત્રણ વાર સુધારાને અંતે સરકારે દસ કરોડ મંજૂર કર્યા છે પણ તેમાંય પાંચ કરોડ રૂ.નો લેન્ડ ફિલ્ડ સાઈટ ડેવલપમેન્ટ માટે ખર્ચવાના છે. ગુડાએ તેનો પ્રોજેક્ટ ક્યારે તૈયાર કર્યો ? ગુડાએ રજુ કરેલા પ્રોજેક્ટમાં કેટલા નાણાં મંજૂર કર્યા અને ગુડા લેન્ડફિલ્ડ સાઈટ ડેવલપમેન્ટમાં કેટલો હિસ્સો આપશે તેની સ્પષ્ટતા સરકારે કરવી જોઈએ તેવી માંગ પણ તેમણે કરી છે.

શ્રી પટેલે જણાવ્યું છે કે લેન્ડફિલ્ડ સાઈટ માટે પહેલાં સરકારે ગાંધીનગર મહાનગરપાલિકા સાથે અન્ય નગરોને જોડ્યા હતા હવે આ નગરોની બાદબાકી કરી અને ગુડાને સામેલ કરવાની વાત રાતોરાત કેવી રીતે તે વાત સમજાતી નથી.

તેમણે જણાવ્યુ છે કે ગાંધીનગરમાં સ્વચ્છતા માટે કોર્પોરેશન જ્યારે ઝુંબેશ ચલાવી રહ્યું છે ત્યારે સરકારે તેની ચિંતા કરી જ નથી અને ૮ માસની રજુઆતને અંતે લેન્ડફિલ્ડ સાઈટ માટે જગ્યા ફાળવવાનો નિર્ણય કર્યા પછી તેમાં સુધારા હૂકમો કરવામાં આવ્યા છે.

**હીરામણિ સ્કૂલ / હૉસ્ટેલ (ગુજરાતી/અંગ્રેજી માધ્યમ)**

નિરમા યુનિવર્સિટી સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ-૩૮૨૪૮૧.
ફોન.(૦૨૭૧૭) ૨૪૨૫૦૫-૨૪૨૬૦૬ (હૉસ્ટેલ)૨૧૧૧૨૪ www.hiramanischools.org

**શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ માટે હૉસ્ટેલમાં પ્રવેશ ઉપલબ્ધ**

પ્રાથમિક થી હાયર સેકંડરી સુધીના ધો.૧ થી ૧૨ના વિજ્ઞાન તથા સામાન્ય પ્રવાહ (ગુજરાતી/અંગ્રજી માધ્યમ)ના વિદ્યાર્થીઓ માટે અદ્યતન સુવિધાયુક્ત ભવન તથા ભોજનની શ્રેષ્ઠ સુવિધા. ૨૪ કલાક માટે ડૉક્ટરની સેવાઓ. કેમ્પસમાં જ ભવ્ય દેવમંદિર.

ધો.૧૦થી ૧૨ના સાયન્સ તથા સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે અભ્યાસ સુધારણા તથા ઉજ્જવળ કારકિર્દીના ઘડતર માટે સ્કૂલ ઉપરાંત આમંત્રિત નિષ્ણાત શિક્ષકો દ્વારા સંસ્થાના ખર્ચે અલાયદી શિક્ષણ સુવિધા. હૉસ્ટેલના વિદ્યાર્થીઓએ આ વર્ષે બોર્ડ પરીક્ષામાં મેળવેલી નોંધપાત્ર સિદ્ધિઓ.

**પ્રવેશ માટે કાર્યાલયનો સમય : સવારે ૯.૦૦ થી બપોરે ૩.૦૦**




Stockiest List - Gandhinagar Dist. | S. P. : N. M. Enterprise Gandhinagar - 99099 41892

| Customer Name | City | Mobile No. | Customer Name | City | Mobile No. |
|---|---|---|---|---|---|
| SHREE BRAHMANI TRADERS | ADALAJ | 97236 61259 | MAN ENTERPRISE | KUDASAN | 94270 21817 |
| SHREE PRAMUKH TRADERS | ALAMPUR | 98255 77299 | SHIVSHAKTI TRADERS | LEKAVADA | 99091 82726 |
| SANJAR SALES | BAHIYAL | 98794 09003 | BRAHMANI TRADING COMPANY | LIMBODARA | 99984 90278 |
| SHRI JALARAM TRADERS | CHANDRALA | 98983 10599 | AVADHOOT TRADERS | MAGODI | 9898790407 |
| MITA ENTERPRISES | CHHALA | 98988 01021 | SIDHESHWARI CEMENT DEPO | MUBRAKPUR | 94290 63823 |
| AESHVI ENTERPRISE | CHILODA | 99253 74003 | VIJAY TRADERS | PALAJ | 99040 81428 |
| UMIYA PLYWOOD | CHILODA | 99250 31083 | SHREE LAXMINARAYAN TRADING CO. | PETHAPUR | 99789 12064 |
| HET TRADERS | DABHODA | 81410 17688 | GURUKRUPA TRADERS | RAKHIAL | 96011 94730 |
| SHRI RAJ TRADERS | DEHGAM | 99748 54284 | PATEL KAMLESH DAHAYABHAI | RANDHEJA | 98242 81435 |
| DEV TRADER & BUILDING MATERIAL | DEHGAM | 99259 58281 | AMRUTLALA NATHALALSHAH | SADRA | 94284 15202 |
| DHANLAXMI STEEL TRADERS | GANDHINAGAR | 97260 42556 | HETAL TRADERS | SHERTHA | 99984 66457 |
| JAY BHAVNI TRADERS | GANDHINAGAR | 99987 44955 | YOGESHWAR TRADERS | VALAD | 97376 81797 |
| JAY VISAT PIPE TRADERS | GANDHINAGAR | 94284 07632 | SHREE BHAVANI TRADERS | VAVOL | 99247 40778 |
| DALWADI BUILDING MATERIAL SUPP. | GANDHINAGAR | 98981 92761 | SHRI MAHAKALI TRADERS | ZAK | 98258 96111 |
| BHAGWATI MARKETING | GANDHINAGAR | 99250 17137 | Company Markteing Staff : | | |
| SHREE GANESH STEEL CORPORATION | GANDHINAGAR | 98986 11879 | Kartikey Vyas | | 98796 05116 |
| BRAHMANI TRADERS | KOBA | 99245 06106 | Kinshuk Dave | | 83475 57002 |